**ફોજદારી કેસ નંબર:- ૭૪૨૧/૨૦૨૧**

**આંક-૧ ગુજરાત નશાબંધી અધિનિયમ એક્ટ ની કલમ ૮૫ (૧) ના ગુનામા ડિસ્ચાર્જનો લગત હુકમ**

(૧) હાલનું ચાર્જશીટ સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ગુજરાત નશાબંધી અધિનિયમ એકટ ની કલમ -૬૬(૧)(બી)અને ૮૫(૧) મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આરોપી સામે રજૂ કરેલ છે અને આરોપી સામે ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લેવાયેલ છે. આ કામે જે ચાર્જશીટ સાથે રજૂ થયેલ ફરિયાદ અને સાહેદોના નિવેદનો ધ્યાને લેતા આરોપીએ કેફી પદાર્થ લીધેલ હોય તેવું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે પરંતુ સદરહું આરોપી આ કાયદાની કલમ-૮૫ (૧) માં જણાવ્યા અનુસાર નશાની અસર હેઠળ હોય અને લોકોની આવજાવ કરવાની છૂટ હોય તેવા કોઈ રસ્તા, રાહદારી માર્ગ, સાર્વજનીક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય કે કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય કે બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તૂણક કરતો હોય, અશ્લીલ ચેનચારા કરતો હોય તેવું ચાર્જશીટ સાથે રજૂ થયેલા સાહેદોના નિવેદનો કે ફરિયાદ પરથી જણાઈ આવતું નથી. જેથી સમગ્ર ચાર્જશીટ સાથે રજૂ થયેલા દસ્તાવેજો ધ્યાને લેતા, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૬(૧)(બી)ના તત્વો આકર્ષાતા હોય અને આ કાયદાની કલમ-૮૫(૧) ના કોઈ તત્વો આકર્ષાતા ન હોય અને તેથી તે ગુન્હાનું તહોમત ઘડવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર ન હોય તેથી આરોપીની સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૮૫ (૧) ના ગુનામાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૨૩૯ મુજબ બિન તહોમત છોડી મુકવામા આવે છે અને અને આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૬(૧)(બી) ના ગુનાની ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨૫૧ અન્વયે પ્લી રેકર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ:- 26/06/2022
સ્થળ:- અમદાવાદ

(એમ.એસ.અમલાણી)
ત્રીજા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ (ગ્રામ્ય)

**અમદાવાદના મહે.ત્રીજા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર – ૭૪૨૧/૨૦૨૧**

**આંક:– ૫**

ફરીયાદ :– શ્રી સરકાર

**// વિરુદધ//**

આરોપી :– મનહર શંકરરાવ પેટકર

બાબત :– ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૬ (૧)બી

---

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૬ (૧)બી મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે.આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**// હુ ક મ//**

(૧) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ ૬૬ (૧) અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા ૧૦૦/– ( શબ્દોમા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન – ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૬ મી માહે જુન સને ૨૦૨૨ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

(એમ.એસ.અમલાણી)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)
U.I.CODE GJ 01388

તારીખ:– ૨૬/૦૬/૨૦૨૨
સ્થળ:– અમદાવાદ(ગ્રામ્ય)